ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૨ ડીગ્રી
લઘુતમ : ૧૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૩ ટકા

# આજે માઘ પૂર્ણિમા : સંત રોહિદાસની જન્મજયંતિ

## સંત શ્રી રોહિદાસજીની ૬૪૫મી જન્મજયંતિની ઉજવણી સેકટર-૬ ખાતે યોજાશે : પવિત્ર નદીમાં સ્નાન અને દાનનું વિશેષ મહત્વ

### માઘ પૂર્ણિમાના દિવસે ગ્રહોની સ્થિતિ

**માઘ પૂર્ણિમાના દિવસે ગ્રહોની સ્થિતિ તમામ રાશિઓ પર અસર કરી રહી છે.**



નક્ષત્ર - આશ્લેષા
યોગ - શોભન
ચંદ્ર - કર્ક
સૂર્ય - કુંભ
ગુરુ-કુંભ
શનિ - મકર
બુધ - મકર
મંગળ - ધન
શુક્ર - ધન
રાહુ - વૃષભ
કેતુ - વૃશ્ચિક
સૂર્યોદય - ૦૬ : ૫૯ : ૧૧
સૂર્યાસ્ત - ૧૮ : ૧૧ : ૪૪
રાહુ કાલ - બપોરે ૧૨.૩૫થી ૧૩.૫૯

ગાંધીનગર, તા.૧૫

શહેરમાં માઘ મહિનાની પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. માઘ મહિનાની પૂર્ણિમાનું ખૂબ જ વિશેષ મહત્વ છે. આ પૂનમના દિવસે ભકતો ખાસ પૂજા અર્ચના કરે છે. હિન્દુ કેલેન્ડર મુજબ આ વખતે માઘ પૂર્ણિમાના દિવસે ખાસ સંયોગ બની રહ્યો છે. આ વખતે માઘ પૂર્ણિમાના દિવસે આશ્લેષા નક્ષત્ર અને કર્કનો સંયોગ બની રહ્યો છે. હિન્દુ ધર્મમાં પૂર્ણિમા તિથિને દેવતાઓની વિશેષ તિથિ કહેવામાં આવે છે. જેમાં માઘ મહિનાની પૂર્ણિમા વધુ મહત્વની છે.

માઘ પૂર્ણિમાના દિવસે દેવી દેવતાઓ પૃથ્વી પર પવિત્ર નદીઓમાં સ્નાન અને પૃથ્વી પર દાન કરીને પોતાની દુનિયામાં પાછા ફરે છે. શાસ્ત્રમાં પૂર્ણિમાના ઉપવાસને શ્રેષ્ઠ ઉપવાસ માનવામાં આવે છે. પૂર્ણિમાનું વ્રત કરવાથી અખૂટ પુણ્યની પ્રાપ્તિ થાય છે અને અનેક પાપોનો નાશ થાય છે.

હિન્દુ ધર્મમાં પૂર્ણિમા અને અમાસનું વિશેષ મહત્વ છે. દર મહિને આવતી અમાસ-પૂર્ણિમાના દિવસે ભગવાનની વિશેષ પૂજા, ઉપવાસ અને સ્નાન કરવામાં આવે છે.

### માઘ પૂર્ણિમાએ રચાશે શુભ સંયોગ

**માઘ પૂર્ણિમાના દિવસે સવારે ૯.૪૨થી રાત્રે ૧૦.૫૫ સુધી દાન અને સ્નાન કરવાનો શુભ સમય છે. આ વર્ષે પૂર્ણિમાના દિવસે કર્કરાશિમાં ચંદ્ર અને આશ્લેષા નક્ષત્રના સંયોગને કારણે શોભન યોગ બની રહ્યો છે. આ યોગ ખૂબ જ શુભ માનવામાં આવે છે. આ દરમિયાન કરવામાં આવેલું કાર્ય શુભ ફળ આપે છે. રાહુકાલ બપોરે ૧૨.૩૫થી ૧.૫૯ દરમિયાન હોવાને કારણે આ દોઢ કલાક દરમિયાન શુભ કાર્ય ન કરવું.**

માન્યતા અનુસાર માઘ માસમાં શ્રી હરિ જળમાં નિવાસ કરે છે. માઘ પૂર્ણિમાના દિવસે ચંદ્રના કિરણોમાંથી અમૃતની વર્ષા થાય છે. તેનાથી સુર્યોદય સમયે સ્નાન કરવાથી રોગ અને પાપ બંનેનો ક્ષય થાય છે.

માઘી પૂનમનું મહત્વ ત્રેતા યુગમાં પણ હતું. રામને વનવાસ મોકલવાથી નારાજ થયેલા ભરતજીએ પોતાની માતા કૈકેયીને શાપ આપ્યો હતો કે તેમને માઘી પૂર્ણિમાના સ્નાન, દાનનું પુણ્ય પ્રાપ્ત નહીં થાય. પુરાણોમાં વર્ણવ્યા અનુસાર જે વ્યકિત સંપૂર્ણ માઘ મહિનામાં સવારે સ્નાન નથી કરી શકતા તે પોતે માત્ર તેરસથી લઈને પૂર્ણિમા સુધી સવારે સ્નાન કરીને સૂર્યદેવને જળ અર્પણ કરે તો તેમને સંપૂર્ણ મહિનાના માઘ સ્નાનનું પુણ્ય પ્રાપ્ત થાય છે.

સંત રોહિદાસજીનો જન્મ પણ માઘી પૂનમે થયો હતો. આ સંતે દુનિયાને સમજાવ્યું કે મન ચંગા તો કથરોટ મેં ગંગા. એટલે કે મન સાફ છે તો છળ અને કપટ હૃદયમાં નહીં રહે. જે વ્યકિત પોતાના કર્મને પ્રમાણિકપણે પૂર્ણ કરતા હોય છે તેમણે ગંગામાં ડુબકી લગાવવાની જરૂર જ નથી. તેમને તો ગંગા સ્નાન જેટલું પુણ્ય એમ જ મળી જશે. દેવી ગંગાએ સ્વયં તેમના ઘરમાં પ્રગટ થઈ આ વાતનું પ્રમાણ આપ્યું હતું.

સંતશ્રી રોહિદાસ સેવા સમાજ સેકટર-૬ ખાતે રોહિદાસજીની ૬૪૫મી જન્મજયંતિ મહોત્સવની ઉજવણી કરાશે. જેમાં સવારે ૭.૧૫ કલાકે મંગળા આરતી, સવારે ૮.૩૦ કલાકે રથ પ્રસ્થાપન, બપોરે ૩.૩૦ કલાકે ધર્મસભા, બપોરે ૧૨ થી ૧.૩૦ કલાકે ભોજનપ્રસાદ તથા સાંજે ૭.૦ કલાકે સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમારંભમાં ઉદઘાટક તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મુખ્ય મહેમાન તરીકે સી.આર. પાટીલની ઉપસ્થિતિ રહેશે. આ ઉપરાંત સમારંભમાં હિતેષભાઈ મકવાણા (મેયર) સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## સચિવાલય જીમખાનામાં યોજાયેલ કેરમ સ્પર્ધાનું પરિણામ



ગાંધીનગર, તા.૧૫

સચિવાલય જીમખાના, સેકટર ૨૧ના સભ્યો વચ્ચે કેરમ સ્પર્ધા યોજાઇ હતી. આ સ્પર્ધાના પરિણામ જાહેર કર્યા હતા. જેમાં મહિલા વર્ગમાં સિંગલ્સ વિજેતામાં કીર્તીબેન મહેતા, ઉપવિજેતા અંજનાબેન ક્રિશ્ચિયન, ડબલ્સ વિજેતામાં કીર્તીબેન મહેતા અને અરુણાબેન વ્યાસ, ઉપવિજેતામાં અંજનાબેન ક્રિશ્ચિયન અને ઉર્વશીબેન સુતરીયા વિજેતા થયા હતા. જ્યારે પુરુષ વર્ગ (૧૯ થી ૪૦ વર્ષ)માં સિંગલ્સ વિજેતા મયુર ગજેરા, ઉપવિજેતા ડૉ. કલ્પેશ મેકવાન, ડબલ્સ વિજેતા મયુર ગજેરા અને મહેન્દ્ર ચાવડા, ઉપવિજેતા ડૉ. કલ્પેશ મેકવાન અને નેહલ સોની, પુરુષ વર્ગ (૪૧ થી ૬૦ વર્ષ) સિંગલ્સ વિજેતા જીગ્નેશ અન્જાન, ઉપવિજેતા તુષાર ધનેશ્વર, ડબલ્સ વિજેતા જીગ્નેશ અન્જાન અને ઈરફાન લાલીવાલા, ઉપવિજેતા તુષાર ધનેશ્વર અને તુષાર બ્રહ્મભટ્ટ, પુરુષ વર્ગ (૬૦ થી ઉપર)સિંગલ્સ વિજેતા વલ્કુભાઈ નાવડિયા, ઉપવિજેતા વિનોદ જોષી, ડબલ્સ વિજેતા દત્તાત્રેય મોઝર અને વિનોદ જોષી, ઉપવિજેતા કમલેશ પ્રજાપતિ અને પ્રકાશ ભાવસાર વિજેતા થયા હતા.

## સ્વધાર સંસ્થા દ્વારા કીચન ગાર્ડન અંગેની તાલીમ યોજાઈ







ગાંધીનગર, તા.૧૫

સ્વધાર ગૃહ 'માતૃછાયા' ગાંધીનગર ખાતે અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર અંતર્ગત કિચન ગાર્ડન ઘર આંગણાની ખેતી અને શાકભાજીના ઉછેર અને માવજત અંગે સમજ, માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ આપવા માટે બાગાયત ખાતા તરફથી મૌલિકભાઈ, વશાલીબેન કેવડીયા, ચેતનાબેન ચૌધરી હાજર રહ્યા હતા. સ્વધાર સંસ્થા તરફથી સ્વધાર ગૃહના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે, સેક્રેટરી વૈશાલીબેન જોષી સ્વધાર ગૃહનો સ્ટાફ તેમજ આશ્રિત બહેનો સહિત ૬૦ બહેનોએ આ તાલીમનો લાભ લીધો હતો. અર્બન હોર્ટી કલ્ચર ડેવલોપમેન્ટ-બાગાયત ખાતા તરફથી તમામ બહેનોને તાલીમના પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા.




માં મેલડી આનંદ ગરબા મંડળ સેકટર-૩ સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો હેતલબેન એસ. પટેલ દ્વારા સેકટર-૨-બીમાં પ્લોટ નં. ૧૪૩૧/૧માં ખોડિયાર જયંતિના દિવસે યોજાયો હતો. સર્વે ભકતોએ ખોડિયાર જયંતિમાં માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

## લીયો કલબ દ્વારા 'મેંગો ટ્રી કોર્પોરેટ કપ'નું આયોજન

ગાંધીનગર, તા.૧૫

લીયો કલબ ઓફ ગાંધીનગર અને લાયન્સ ક્રિકેટ એકેડેમી દ્વારા ૧૨થી ૬ માર્ચ સુધી 'મેંગો ટ્રી કોર્પોરેટ કપ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં ૧૬ કોર્પોરેટ ટીમોએ ભાગ લીધો છે. આ ટુર્નામેન્ટનું ઉદઘાટન ચીફ ગેસ્ટ હરીશભાઈ ત્રિવેદી, ડીસ્ટ્રીકટ કેબીનેટ સેક્રેટરી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ તેમજ કોર્પોરેટ પદમસિંહ ચૌહાણ, લાયન્સ ક્રિકેડ એકેડેમીના પાર્ટનર્સ ડૉ. રોહન પટેલ, કુલદિપભાઈ ગઢવી, ધ્રુવ ઠકકર ઉપસ્થિત રહ્યા હતા તેમજ જગદીશ અગ્રવાલ-ડિસ્ટ્રીકટ ગવર્નર, ભગવાનભાઈ પટેલ-ડિસ્ટ્રીકટ કેબીનેટ ટ્રેઝરર, ભરતભાઈ સોની-પ્રોટોકોલ ઓફીસર, આનંદ મહેતા-



પીએમડીપી, રુચિતા મેહરા-હેડકવાર્ટર ઓપરેશન મુંબઈ એલસીઆઈ, કથન ત્રિવેદી, આઈપીએમડીપી, લીયો કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ ઋત્વિક પટેલ, મહર્ષિ દવે-સેક્રેટરી, મૌલિક ચૌધરી, મોહિત જયસિંઘાની, વિવેકસિંહ ચૌહાણ, આકાશ પટેલ, શ્રેણિક પ્રજાપતિ, હર્ષ શાહ તેમજ અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

## સે-૩ ન્યૂ શિવશકિત મંદિરમાં ૨૦મા પાટોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા.૧૫

શિવશક્તિ મંદિર સેકટર ૩ન્યૂ ખાતે ૨૦મો પાટોત્સવની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. જેમાં યજ્ઞ કાર્યનો લાભ ચિરાગભાઈ પટેલ, અંબાજી ધ્વજાપૂજન નટવરભાઈ દરજી અને મહાકાલેશ્વર દાદા ધ્વજાપૂજન નિકુંજભાઈ દરજી પરિવારે લીધો હતો. મંદિરને ફૂલો તેમજ લાઈટિંગથી શણગારાયું હતું. સેકટરના તેમજ આજુબાજુના ધર્મપ્રેમી ભાઈ બહેનોએ સરકારી ગાઈડ લાઈન મુજબ પાલન કરી ઉત્સાહપૂર્ણ રીતે ધર્મકાર્ય નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## એસ.એસ.વી. શાળામાં ડૉ. વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સેન્ટર દ્વારા વર્કશોપ



ગાંધીનગર, તા.૧૫

એસ.એસ.વી શાળા માં ડૉ.વિક્રમ સારાભાઈ કોમ્યુનીટી સેન્ટર દ્વારા વર્કશોપનું આયોજન કરાયું હતું. જેમાં શાળાના ધોરણ -૬ થી ૮ ના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાં ખગોળ વિજ્ઞાન વિશે બાળકોને સેન્ટરના તજજ્ઞોએ તારા, સૂર્ય, નક્ષત્રો, ગ્રહો દ્વારા સૂર્ય મંડળ, બ્રહ્માંડ વિશેની ઝીણવટ ભરી માહિતી આપવામાં આવી હતી. બાળકોએ પણ ખગોળ વિજ્ઞાન ને લગતા પ્રશ્નો પુછી સેમિનારને રસપ્રદ બનાવ્યો હતો. દરેક બાળકે ટેલીસ્કોપ જાતે બનાવ્યા હતા. કાર્યક્રમના અંતે સંસ્થાના તજજ્ઞો તથા શાળાના આચાર્ય છાયાબેન ભટ્ટ દ્વારા વિદ્યાર્થીઓને સર્ટીફિકેટ તથા બૂક એનાયત કરાઈ હતી.

## સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટમાં સ્પોર્ટ વીક ટેલેન્ટાઈમ-૨૦૨૨ની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫



સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, ધણપ, ગાંધીનગર ખાતે સ્પોર્ટ-વીક-ટેલેન્ટાઈમ-૨૦૨૨ ની ઉજવણી કરવામાં આવી હતી. તેનું ઉદઘાટન ડૉ. મુકેશ જી. પટેલ (ડાયરેકટર, ફીઝીકલ એજ્યુકેશન અને સ્પોર્ટ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર) દ્વારા કરવામાં આવ્યું હતું. ટેલેન્ટાઈમ-૨૦૨૨ માં, સંસ્થા દ્વારા ફૂડ ફેસ્ટ (નો ગેસ કૂકિંગ), બેડમિંટન, દોરડાં ખેંચ, ચેસ, કેરમ, રિવર્સ રેસ, કપલ રેસ, ક્રિકેટ અને વોલીબોલ જેવી વિવિધ પ્રકારની રમતો અને પ્રતિભા આધારિત ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. ટેલેનટાઈમ-૨૦૨૨ દરમિયાન વિદ્યાર્થીઓ અને સ્ટાફના સભ્યોએ દરેક કાર્યક્રમમાં સક્રિયપણે ભાગ લીધો હતો.

## અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી ખાતે બ્લડ ડોનેશન એન્ડ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન




ગાંધીનગર, તા.૧૫

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બી.આર.આઈ. અડાલજ ખાતે એનએસએસ સેલ દ્વારા બ્લડ ડોનેશન એન્ડ થેલેસેમિયા ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી આ કેમ્પ હેઠળ ૨૫થી વધુ વિદ્યાર્થીઓએ રકતદાન તેમજ ૧૦૬ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. આ કેમ્પનું આયોજન ઘનશ્યામ પટેલ તથા ડૉ. જલ્પા સોનીના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું.

## અશ્વિનભાઈ એ. પટેલ કોલેજમાં થેલેસેમિયા અવેરનેસ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત પંચ પ્રકલ્પ કાર્ય અંતર્ગત થેલેસેમિયા અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે કાર્યક્રમ વર્ચ્યુઅલ માધ્યમથી યોજાયો હતો. જેમાં કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના અંદાજિત ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ગુજરાત સ્ટેટ બ્રાન્ચમાંથી જયેશભાઈ સોલંકી દ્વારા થેલેસેમિયા અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના એનએસએસ યુનિટ દ્વારા ૧૦,૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓનો થેલેસેમિયા સ્કીનીંગ ટેસ્ટ કરી રીપોર્ટ કરાવ્યો હતો. આ અંગેની જાગૃતિ એ આવનાર સમયમાં જુદા જુદા ગામોમાં પણ કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન જીલુભા ધાંધલે માર્ગદર્શન પુરું પાડયું હતું. આ કાર્યક્રમનું સફળ આયોજન અને સંચાલન ડૉ. રણછોડભાઈ રથવી દ્વારા ડૉ. વિજ્ઞાબેન ઓઝાના માર્ગદર્શનથી થયું હતું.




એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામા સોલો ડાન્સ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ધોરણ ૧થી૪ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ વિવિધ ગીતો પર ડાન્સ રજૂ કર્યા હતા.

## નવ ગુજરાત કોલેજ ખાતે કેમ્પસ પ્લેટમેન્ટનું આયોજન



ગાંધીનગર, તા.૧૫

નવગુજરાત કોલેજ કેમ્પસ ખાતે પ્લેટમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બે કંપનીઓ સ્માર્ટ ફાર્મિંગ સર્વિસ અને મીસો.કોમ દ્વારા દ્વારા પ્રીલીમીનરી ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ બહોળા પ્રમાણમાં ઈન્ટરવ્યુ આપવા ઉપસ્થિત રહ્યા હતા.

## રવિવારે ઈન્ટર કલાસ ટેકવોન્ડો પૂમસે ફ્રી ઈવેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા ઈન્ટર કલાસ ટેકવોન્ડે પૂમસો ફ્રી ઈવેન્ટ ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે. જે રવિવારે સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૩, સરકારી પ્રાથમિક શાળામાં યોજાશે. ઈન્ટર કલાસ ટેકવોન્ડો પૂમસો ફ્રી ઈવેન્ટમાં ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી, ગુજરાતના સુપ્રસિધ્ધ લોકગાયિકા મનિષાબેન બારોટની ઉપસ્થિતિમાં ઈવેન્ટ યોજાશે. આ ઈવેન્ટમાં સહભાગી થનારને પ્રમાણપત્ર આપવામાં આવશે અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને પુરસ્કારથી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ઈવેન્ટના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી, ટેકનીકલ ડિરેકટર જતીન દવે, ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ ટાટરિઆ ટાઈગર છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. જોષી ચંપકલાલ શંકરલાલ,** ઉ.વ. ૭૬, વિંઝોલ, અમદાવાદ
- **સ્વ. અંતાણી ભારતીબેન ઈન્દ્રવદન,** ઉ.વ. ૭૨, સેકટર-૩
- **સ્વ. મકવાણા બબુબેન પુરુષોત્તમભાઈ,** ઉ.વ. ૭૫, સેકટર-૨
- **સ્વ. ભાવસાર શાન્તાબેન અમૃતલાલ,** ઉ.વ. ૮૩, સેકટર-૨

## જન્મદિને વધામણી



કૈરવ દેસાઈ



યશ્વી પટેલ



અમૃતા કર્ણવ દવે



બેંકર ધર્મ કલમેશ
મો. ૮૮૪૮૪ ૧૦૧૦૯



ધર્મેશજી ઠાકોર



મનીષા જોષી
(પક્ષી બચાવ/સરંક્ષણ)
મો. ૯૮૨૪૨ ૫૬૪૧૦



રૂદ્રદત્તસિંહ બિહોલા



શિવાંશી જતીન ઓઝા
મો. ૯૪૨૬૧ ૬૩૬૬૩



જગદીશચંદ્ર એમ. પ્રજાપતિ



ધર્મેન્દ્ર આર. પટેલ